ખાસ જરૂરી

ક્રમાંક: હ-૨/સ્કો/૨૦૨૦-૨૧/૧૮૩૮૮
ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી,
બ્લોક નં: ૧૨/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ.રા. ગાંધીનગર
તા.૦૮/૦૭/૨૦૨૦

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ, તમામ

વિષય:- Digital Gujarat Portal પરની વર્ષ: ૨૦૧૯-૨૦ની SC / ST / OBC વિદ્યાર્થીઓની પોસ્ટમેટ્રીક શિષ્યવૃતિ યોજનાઓની કામગીરી પૂર્ણ કરવા બાબત (ધો:૧૧-૧૨, કોલેજ / સંસ્થાઓ).

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગર તથા આદિજાતિ વિકાસ વિભાગ, ગાંધીનગર હસ્તકની વર્ષ:૨૦૧૯-૨૦ ની SC / ST / SEBC/ EBC / NT-DNT / Minority વિગેરે જ્ઞાતિના વિદ્યાર્થીઓની પોસ્ટમેટ્રીક શિષ્યવૃતિ / સહાય યોજનાઓની ઓનલાઇન અરજીઓ વિદ્યાર્થીઓ પાસેથી Digital Gujarat Portal દ્વારા ઓનલાઇન કરાવી સંબધિત શાળા/કોલેજ/સંસ્થાના આચાર્યશ્રીઓ મારફત મંગાવી અમલ કરાવવામાં આવે છે.

ઉક્ત બાબતે વર્ષ:૨૦૧૯-૨૦ અંતર્ગત શાળા/કોલેજ/સંસ્થાઓને તમામ પોસ્ટમેટ્રીક શિષ્યવૃતિ યોજનાના પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓની ઓનલાઇન અરજીઓ જરૂરી પુરાવા સાથે જિલ્લાની SC / ST / OBC કચેરીઓએ રજુ કરવા અગાઉ સૂચનાઓ આપવામાં આવેલ છે તેમ છતા ઘણા આચાર્યશ્રીઓ દ્વારા શિષ્યવૃતિની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ નથી. આમ તમામ આચાર્યશ્રીઓને પોસ્ટમેટ્રીક શિષ્યવૃતિ યોજનાની કામગીરી તાત્કાલિક પૂર્ણ કરવા / કરાવવા જણાવવામાં આવે છે.

વિદ્યાર્થીઓની ઓનલાઇન અરજીઓ કરવાની કામગીરી તથા શાળા/કોલેજ/સંસ્થા કક્ષાએ ઓનલાઇન અરજીઓ ચકાસવાની કામગીરી તથા અરજીઓ ચકાસ્યા બાદ દરખાસ્તો જરૂરી પુરાવા સહિત જિલ્લા કચેરીઓએ રજુ કરવાની કામગીરી તા:૧૫/૦૭/૨૦૨૦ સુધીમાં પૂર્ણ થઇ જાય તે મુજબ આયોજન કરવા જણાવવામાં આવે છે. શાળા/કોલેજ/સંસ્થાઓમાં પાત્રતા ધરાવતા કોઇપણ વિદ્યાર્થી શિષ્યવૃતિથી વંચિત રહી ન જાય તેની પણ કાળજી તમામ આચાર્યશ્રીઓએ લેવાની રહેશે. ડિજિટલ ગુજરાત પોર્ટલની કામગીરીને સમયમર્યાદામાં પૂર્ણ કરવા માટે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ જે તે ખાતાના જિલ્લા અધિકારીશ્રીના સંપર્કમાં રહીને તાત્કાલિક કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

નાયબ નિયામક
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી,
ગુ.રા., ગાંધીનગર.

ક્રમાંક:/ ૬૩૭૮૨
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
બનાસકાંઠા, પાલનપુર
તારીખ:૧૩/૭/૨૦.

૨/- નકલ રવાના જાણ વ અમલ સારુ.

જિલ્લા શિક્ષણાધિકારી
બનાસકાંઠા, પાલનપુર

પ્રતિ,
આચાર્યશ્રી,
માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ(સરકારી/ગ્રાન્ટેડ/નોન-ગ્રાન્ટેડ) તમામ.
જિ.બનાસકાંઠા.

Scanned by CamScanner